# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:-01 તા.29-04-2021

**પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન અને વિશેષ ઉપસ્થિતિમાં તેમના હસ્તે તાપી જીલ્લાના બુહારી ગામે બલ્લુકાકા સંકુલ ખાતે મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયાના સહયોગથી તેમજ માનવ કલ્યાણ ટ્રસ્ટના સૌજન્યથી અને આરોગ્ય વિભાગના સહયોગથી નિઃશુલ્ક ૧૦૦ બેડની નમો કોવીડ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.**

**૧૦૦ બેડના ``નમો કોવીડ કેર સેન્ટર`` માં ૨ બેડ વેંટિલેટર સુવિધાથી સજ્જ, ૨૫ બેડ પર ઓક્સીજન સુવિધા અને ૭૩ આઇસોલેશન બેડની સુવિધા ઉભી કરવામાં આવી.**

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા. 29.04.2021ના પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં તથા તેમના હસ્તે તાપી જીલ્લા બુહારી ગામે બલ્લુકાકા સંકુલ ખાતે મહુવાના ધરાસભ્ય મોહનભાઈ ઢોડીયાના સહયોગ તેમજ માનવ કલ્યાણ ટ્રસ્ટના સૌજન્યથી અને આરોગ્ય વિભાગના સહયોગથી નિઃશુલ્ક ૧૦૦ બેડની ```નમો કોવીડ સેન્ટર`````````` નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ ૧૦૦ બેડના ``નમો કોવીડ કેર સેન્ટર`` માં ૨ બેડ વેંટિલેટર સુવિધાથી સજ્જ, ૨૫ બેડ પર ઓક્સીજન સુવિધા અને ૭૩ આઇસોલેશન બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે.

આ પ્રસંગે શ્રી સી.આર.પાટિલે જણાવ્યું હતું કે, જે રીતે રાજ્યમાં કોરોનાના કેસોમાં વધારો સર્જાયો છે તેના કારણે શહેરોની હોસ્પિટલમાં પણ બેડોની અછત સર્જાઈ રહી ત્યારે કોઈ પણ સામાન્ય દર્દીને શહેર શહેર સુધીના જવું પડે તથા દરેકને સમયસર ઈલાજ મળી રહે તે હેતુસર દરેક ધારાસભ્યો તથા સાંસદ સભ્યોને પોત-પોતાના વિસ્તારમાં કોવીડ કેર સેન્ટરની વ્યવસ્થા ઉભી કરવા પ્રદેશ ભાજપા તરફથી સુચન આપવામાં આવ્યું છે, તે સુચનાને અમલીકરણ કરી તાપી જીલ્લા બુહારી ગામ બલ્લુકાકા સંકુલ ખાતે મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયાના સહયોગ તેમજ માનવ કલ્યાણ ટ્રસ્ટના સૌજન્યથી અને આરોગ્ય વિભાગના સહયોગથી નિઃશુલ્ક ૧૦૦ બેડની નમો કોવીડ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ભાજપા પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદિપસિંહ વાઘેલાજી, સુરત જીલ્લા ભાજપા પ્રમુખ શ્રી સંદિપભાઇ દેસાઇ, બારડોલી સાંસદ શ્રી પ્રભુભાઇ વસાવા, મહુવાના ધરાસભ્ય મોહનભાઈ ઢોડીયા સહિત સ્થાનિક હોદ્દેદારશ્રીઓ હાજર રહ્યા હતાં.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)